અમદાવાદનાં મહે.એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧૬,અમદાવાદ.

ફોજદારી કેસ નં. ૫૮૧૩૩/૨૦૨૦
આંક–

ફરીયાદીઃ– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઃ– ધીરજ દોલતરામ સોની,
રહે.૨૨૩૩/૧, બઉઆની પોળ, રાયપુર ચકલા, અમદાવાદ.

ગુનોઃ– જુગાર ધારાની કલમ–૧૨ અન્વયે.

**ફોજદારી કાર્યવાહી સંહીતાની કલમ–૨૫૨ મુજબ ઠરાવ.**

(૧) ફરીયાદપક્ષનાં કેસ મુજબ આ કામનાં આરોપી તા.૧૯/૦૯/૨૦૨૦ નાં રોજ જાહેરમાં પૈસા વડે હાર જીતનો જુગાર રમી રમાડી રેઇડ દરમ્યાન પૈસા અને જુગાર સાહિત્ય સાથે પકડાઇ જઇ જુગાર ધારાની કલમ–૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. પોલીસે ગુનો નોંધી તપાસ કરી આ કામે ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ હાજર થતાં, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપીએ પોતાને ગુનો કબુલ છે તેવુ જાહેર કરતી પુરસીસ રજુ કરેલ છે. આથી અદાલતે તેને ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને ગુનો કબુલ કરવાથી કાયદા મુજબ સજા થઇ શકે તે સમજાવેલ છે. ત્યારબાદ પ્લી રેકર્ડ કરતા, તેમા પણ પોતાને ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે. આથી કબુલાત સ્વેચ્છાપુર્વકની હોવાની ખાત્રી કર્યા બાદ પુરસીસ રેકર્ડ કરવામાં આવી અને ત્રાયબાદ આરોપીને

સજા અંગે સાંભળવામાં આવ્યા.

(૩) આરોપીએ ગુનાની કબુલાત સ્વૈચ્છીક કરેલ છે તથા અદાલત સમક્ષ પસ્તાવો વ્યક્ત કરેલ છે. પોતાનો આ પ્રથમ ગુનો હોય, ભવિષ્યમાં ગુનો નહી કરવાની ખાત્રી આપે છે તથા રહેમ રાખી હુકમ કરવા અરજ કરેલ છે. પોતે ગરીબ વર્ગનાં અને કુટુંબની એકમાત્ર કમાનાર વ્યકિત હોવાની રજુઆત કરે છે. પોતાના અને કુટુંબનાં ભવિષ્યને લક્ષમાં રાખી દયા રાખવા અને ગુનો માફ કરવા વિનંતી કરેલ છે.

(૪) આરોપીએ ગુનો કબુલ કરતા સજા થવી જોઇએ તેમ આ અદાલત માને છે, તેમજ સમાજનાં હીતમાં પણ આરોપીને સજા કર્યા વિના માફ કરવા યોગ્ય નથી. પરંતુ આરોપીની રજુઆતો ધ્યાનમાં લેતા તેમજ પુરસીસ વંચાણે લેતા અને નામ. ગુજ. હાઇ.નાં સ્ટેટ વિ. નટવર હરચંદજી ઠાકોર, રીપોટેડ ઇન ૨૦૦૫(૧) જી.એલ.આર. ૨૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત તથા સંજોગોને ધ્યાને લેતા આ કામમાં આરોપીને સુધરવાની તક આપી યોગ્ય સજા કરવી જોઇએ તથા હાલનાં ગુનામાં ઓછામાં ઓછી સજા નિયત કરવામાં આવેલ નથી. આથી ગુનાનો પ્રકાર, આરોપીની સ્થિતિ તથા કાયદાકીય જોગવાઇ ધ્યાને લઇ, ગુનાનો અહેસાસ માત્ર થાય તેટલી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાઇ રહેશે, તેમ આ અદાલત માને છે.

(૫) આરોપી સામેનો ગનાનો આરોપ, ગુનાનો પ્રકાર, આરોપીની સ્થિતિ તથા કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતા અને આરોપી ગુનો કબુલ કરતા તકસીરવાન ઠરતા હોય, ન્યાયનાં હીતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

આરોપી ધીરજ દોલતરામ સોની, રહે.૨૨૩૩/૧, બઉઆની પોળ, રાયપુર ચકલા, અમદાવાદ ને જુગાર ધારા કલમ–૧૨– અન્વયેનાં ગુના સબબ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૨૫૨ હેઠળ તકસીરવાન ઠરાવવામાં આવે છે.

ઉપરોક્ત આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દરેકને રૂ.૩૦૦/– અંકે રૂપિયા ત્રણ સો પુરાનાં દંડની સજા કરવામાં આવે છે. દંડ ભરવામાં કસુર કર્યે ૦૩ દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ સમય પુરો થયા બાદ આ કામે કબજે કરેલ મુદ્દામાલ સાહિત્યનો નાશ કરવા તથા રોડ રકમ રૂપિયા સરકાર દાખલ કરવા હુકમ કરવામાં આવે છે.

આરોપીનાખત તથા જામીનખત રદ કરવામાં આવે છે.

આજ નાં સ્પે.મેજી.સીટીંગ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૦/૦૭/૨૦૨૧

એડીશ્નલ ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૬,અમદાવાદ.